# નાયબ પોલીસ મહાનિરીક્ષકની કચેરી
## પંચમહાલ-ગોધરા રેન્જ, ગોધરા
શૌર્ય સર્કલ, સિવિલ લાઈન્સ રોડ, ગોધરા ૩૮૯૦૦૧

Emai:-e-digp-godhra-pan@gujarat.gov.in



ક્રમાંક: ઇ/ડીજીપી ક્રિકેટ-૨૦૨૪/૪૫૨/૨૦૨૪ તા.૦૬/૦૨/૨૦૨૪


વિષય- ગુજરાત પોલીસ દળના વિવિધ યુનિટો વચ્ચે 2nd મહિલા ડીજીપી કપ ક્રિકેટ ( ટેનિસ બોલ ) સ્પર્ધા યોજવા બાબત.

પોલીસ દળમાં શિસ્ત અને સદભાવનાની લાગણી માટે પરેડ જેટલી જ અન્ય અગત્યની બાબત રમત- ગમત છે. પોલીસ દળમાં રમત-ગમતની પ્રવૃતિને પ્રોત્સાહન મળે તથા વિવિધ સ્તરના અધિકારીઓ તથા કર્મચારીઓ વચ્ચે સદભાવના કેળવાય તે હેતુથી દર વર્ષે ગુજરાત રાજયના પોલીસ દળના વિવિધ યુનિટ વચ્ચે ડીજીપી કપ સ્પર્ધા યોજવામાં આવે છે. જે અનુસંધાને ગત વર્ષે પ્રથમ મહિલા ડીજીપી કપ ક્રિકેટ ( ટેનિસ બોલ ) સ્પર્ધાનુ આયોજન કરેલ હતુ. તેવી જ રીતે ચાલુ વર્ષે 2nd મહિલા ડીજીપી કપ ક્રિકેટ ( ટેનિસ બોલ ) સ્પર્ધાનું આયોજન કરવામા આવેલ છે. જે અનુસંધાને તા.૦૮/૦૨/૨૦૨૪ થી તા. ૧૧/૦૨/૨૦૨૪ સુધી ગાંધીનગર ક્રિકેટ એકેડમી સેક્ટર ૮ ખાતે ઉપરોક્ત સ્પર્ધાનુ આયોજન કરવામા આવેલ છે. જેથી આપ સાહેબશ્રીના તાબા હેઠળની મહિલા ક્રિકેટ ટીમોને તા. ૦૭/૦૨/૨૦૨૪ના રોજ કલાક ૧૫/૦૦ વાગ્યા સુધીમા મેનેજરશ્રી તેમજ નોડલ અધિકારીશ્રી સાથે ગાંધીનગર ક્રિકેટ એકેડમી સેક્ટર ૮ ખાતે પી.આઇ શ્રી એચ.પી પરમાર(મો.ન. ૯૬૩૮૪૫૫૬૬૬) નાઓને રીપોર્ટ કરે તે રીતે છુટા કરી મોકલી આપવા વિનંતી છે.

**નિયમો- મહિલા ડીજીપી કપ સ્પર્ધાની મેચ માટે.**

(૧) તમામ મેચો ટર્ફ વિકેટ ઉપર અને ( ટેનિસ બોલ )થી રમાડવામાં આવશે..

(૨) દરેક ટીમોનો ડ્રેસ કોડ રંગીન ડ્રેસ રહેશે.

(૩) લીગ મેચ ૧૨ ઓવરની રહેશે, જ્યારે સેમી ફાઇનલ અને ફાઈનલ ૧૬ ઓવરની રહેશે.

**જનરલ સૂચનાઓ :-**

(૧) ટીમમાં પોલીસ અધિકારી, કર્મચારી અને સીવીલીયન સ્ટાફ સમાવેશ થઇ શકશે, સસ્પેન્ડ અધિકારી, કર્મચારી રમી શકશે નહીં. ૧ લાઈન ગર્લનો સમાવેશ કરી શકાશે. તેમજ પ્રથમ ૧૧ ખેલાડીઓમાં ૧ P.S.I અથવા તેમનાથી ઉપરી કક્ષાના અધિકારીનો ફરજીયાત સમાવેશ કરવાનો રહેશે

(૨) ટીમના સભ્યોની સંખ્યા વધુમાં વધુ ૧૬ ની તેમજ ટીમ મેનેજર અને કોચ મળી કુલ-૧૮ ની રહેશે.

(૩) દરેક ટીમના નિયત ડ્રેસ તથા ક્રિકેટની જરૂરી સાધન - સામગ્રી સાથે આવવાનુ રહેશે.

(૪) મેચ શરૂ થવાના ૩૦ મીનીટ અગાઉ ભાગ લેનાર બન્ને ટીમએ ગ્રાઉન્ડ ઉપર ટીમ મેનેજર સહીત રીપોર્ટ કરવાનો રહેશે.

(૫) અમ્પાયરનો નિર્ણય આખરી રહેશે અને તેમના નિર્ણય સામે કોઈ પણ પ્રકારનું અજુગતુ કે ગેર શિસ્તભર્યું વર્તન ન થાય તે જોવાની જવાબદારી ટીમના કેપ્ટન અને મેનેજરશ્રીની રહેશે. જરૂર પડે તો ગુજરાત પોલીસ ક્રિકેટ કમિટીના સભ્યશ્રી અને નોડલ અધિકારીશ્રીનો નિર્ણય આખરી રહેશે.

(૬) મેચ દરમ્યાન મેદાન ઉપર રમવા આવેલ ખેલાડીઓ તરફથી શિસ્ત રાખવાનું રહેશે. તેઓ તરફથી કોઇપણ પ્રકારનું અજુગતુ કે ગેર શિસ્તભર્યુ વર્તન કરવામાં આવશે તો તે ટીમ બરખાસ્ત કરવામાં આવશે.

(૭) તમામ ટીમોએ તા.૦૭/૦૨/૨૦૨૪ થી તા. ૧૧/૦૨/૨૦૨૪ સુધી રોકાવાની તૈયારી સાથે આવવાનુ રહેશે.

(૮) ફાઇનલ મેચના અંતે પ્રથમ આવનાર ટીમને એક રનીંગ શિલ્ડ એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત પ્લેયર ઓફ ધ સીરીઝ, બેસ્ટ બેટર અને બેસ્ટ બોલરને પસંદ કરવામાં આવશે. આ ઉપરાંત દરેક મેચ માટે મેન ઓફ ધી મેચ એવોર્ડ આપવામાં આવશે. જેની વ્યવસ્થા યજમાન યુનિટ તરફથી કરવાની રહેશે.

(૯) સ્પર્ધા દરમ્યાન નિયમો અથવા અન્ય ફેરફારો કમિટીને આધિન રહેશે.

(૧૦) બાકીની તમામ સૂચનાઓ રાબેતા મુજબની રહેશે.

"પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીના હુકમથી"

( રાજેન્દ્ર વી. અસારી)
નોડલ અધિકારી, ગુજરાત રાજ્ય ડી.જી.પી. ક્રિકેટ
સ્પર્ધા અને નાયબ પોલીસ મહાનિરીક્ષક,
ગોધરા રેન્જ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશકશ્રી, તાલીમ, ગુ.રા ગાંધીનગર.
- મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકશ્રી, એ.સી.બી., ગુજરાત રાજ્ય, અમદાવાદ
-પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, અમદાવાદ
-તમામ પોલીસ કમિશનરશ્રીઓ
-અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ, ગુ.રા ગાંધીનગર/ હથિયારી એકમો / તકનિકી સેવાઓ અને એસ.સી.આર.બી/કાયદો અને વ્યવસ્થા/ તપાસ / પી એન્ડ એમ / સ્ટેટ મોનીટરીંગ સેલ / સી.આઈ.ડી. (ઇન્ટે.), ગુ.રા., ગાંધીનગર
-પોલીસ મહાનિરીક્ષકશ્રી, એ.ટી.એસ. અને મરીન ટાસ્ક ફોર્સ, ગુ.રા., અમદાવાદ.
-પોલીસ મહાનિરીક્ષકશ્રી, વહીવટ/ એસ.સી.આર.બી. / એસ.ટી.બી. ગુ.રા., ગાંધીનગર
-તમામ રેન્જ વડાશ્રીઓ
-તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ (પશ્ચિમ રેલ્વે સહિત)
-આચાર્યશ્રી, ગુજરાત પોલીસ અકાદમી કરાઈ / પી.ટી.એસ. વડોદરા / પી.ટી.સી. જુનાગઢ/ એસ.આર.પી.ટી.સી ચોકી (સોરઠ)
-તમામ સેનાપતિશ્રીઓ

<u>નકલ રવાના:</u>

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીના અગ્ર રહસ્ય સચિવ
- મુ.કા.શ્રી, એમ-શાખા (અત્રેની કચેરી)